જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૧૨/૨૦૨૫ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

બી.એન.એસ.એસ.કલમ ૮૨ મુજબ
આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ– **સમાચાર યાદી નં.૧૮૧૦/૨૦૨૫**

ઓઢવ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૮૬/૨૦૧૯ ઈપીકો કલમ ૩૭૯(એ)(૩) મુજબ તથા સેશન્સ કેસ નં.૯૦૮/૨૦૨૩ મુજબ ગુનાના કામે આફતાબ ઉર્ફે અલ્તાફ ઉર્ફે કાલુ સ/ઓ આમીરાઅલી સાગીરઅલી સૈયદ (ઉ.વ.૧૮)(રહે.ચંડોળા તળાવના છાપરા, બી.ગલી, શાહઆલમ ઈસનપુર, અમદાવાદ શહેર) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા–ફરતા હોય નામદાર જજ શ્રી એસ.આર.સાંગાણી સાહેબ, અધિક સત્ર ન્યાયાધીશ કોર્ટ નં.૨૮, સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૨૯/૧૨/૨૦૨૫ ના રોજ તથા તે પહેલા હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૮૧૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૬ કેસ કરી, ૬૪ વ્યક્તિઓને ઝડપી, ૧૮૭ લીટર દેશી દારૂ, ૭૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૫૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૫૧ બીયર ટીન, ૦૧ સ્કુટર અને ૦૨ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૬,૭૭૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૮૧૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૮૧૩/૨૦૨૫**

સાયબર ક્રાઈમઃ અમરસિંહ ભીખાજી વાઘેલા (ઉ.વ.૫૨)(રહે. માધવ બંગ્લોઝ, કઠવાડા રોડ, નવા નરોડા) એ તા.૨૩/૧૨/૨૦૨૫ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ઓગષ્ટ/૨૦૨૨ થી તા.૧૭/૦૭/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન EXIDE Life Insurance કંપનીના કર્મચારી તરીકે ઓળખ આપનાર આરોપી હિમાંશુ રાજપુત, આકાશ રાજપુત, અંજલી રાજપુત અને રવિ સાહુ એ ભેગામળી અમરસિંહ વાઘેલાની જુની બંધ થયેલ EXIDE Life Insurance પોલીસી નંબર : 0396329 ની હેલ્થ પોલીસી ચાલુ કરાવવાનું જણાવી વિશ્વાસ કેળવી, વધુ હેલ્થ પોલીસીનું વળતર આપવાની લાલચ આપી, તેમના દ્વારા આપવામાં આવેલ જુદા–જુદા UPI ID માં વીમા પોલીસીના પ્રિમીયમના અલગ– અલગ બહાના હેઠળ ટુકડે–ટુકડે કુલ રૂપિયા ૨૩,૦૮,૫૯૦/– ભરાવડાવી, વીમા ભર્યા અંગે પોલીસી પ્રિમીયમની રીસીપ્ટ કે પોલીસીનું વળતર નહી આપી, અમરસિંહ વાઘેલા સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એન.આર.ગામીત ચલાવે છે.

સેટેલાઇટઃ સેટેલાઇટ વિસ્તારમાં રહેતી મહીલાએ તા.૨૩/૧૨/૨૦૨૫ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે મહીલાના પતિના મિત્ર (૧) શાલિન ઉમેશકુમાર પટેલ (રહે.શાસ્ત્રીનગર, હેપ્પી હોમ એપાર્ટમેંન્ટ, નારણપુરા) તથા (૨) પારસકુમાર ધીરજલાલ શાહ (રહે.મ્યુનિસિપલ લાલપુર, જામનગર) એ મહીલાના પતિ પાસે ત્રણ મહિના માટે આર્થિક મદદ માંગતા મહીલાના પતિના કહેવાથી મહીલાએ તેઓને માહે જાન્યુઆરી/૨૦૨૫ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન રોકડ રૂપિયા ૨૪,૦૦,૦૦૦/- આપેલ હતા. જે રૂપિયા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.કે.ખાંટ ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૮૧૪/૨૦૨૫**

ઈસનપુરઃ કેતુલભાઈ પ્રદ્યુમનભાઈ દવે (રહે. શ્રી બાલાજી વિંડપાર્ક, વૈષ્ણોદેવી સર્કલ એસ.પી.રીંગ રોડ વૈષ્ણોદેવી) એ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૧૨/૨૦૨૫ ના કલાક ૫/૦૦ થી ૫/૩૦ વાગ્યા દરમ્યાન કેતુલભાઈ દવેના ઈસનપુર કેનાલ ગાર્ડન સામે રાજેશ્વરી સોસાયટી પાસે, શ્રી રંગ આશીષ સોસાયટી ખાતે આવેલ મકાન નંબર સી/૭૬ ના દરવાજાનુ તાળુ તોડી, અજાણ્યા ત્રણ પુરૂષ મકાનમાં પ્રવેશ કરી, મકાનમાંથી ચાંદીના રાણીછાપ સીક્કા તથા અન્ય સીક્કા મળી કુલ કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૭૦,૦૦૦/- મતાની ચોરી લઈ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આઈ.એસ.પઠાણ ચલાવે છે.

એલીસબ્રીજઃ ગુંજનભાઈ શરદકુમાર દોશી (રહે.સુર્યા એપાર્ટમેન્ટ, જીજીસ બંગલો ચાર રસ્તા, બોડકદેવ) એ તા.૨૩/૧૨/૨૦૨૫ ના રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે એલીસબ્રીજ પાલડી ચાર રસ્તા પાસે અનીલકુંજ કોમ્પ્લેક્ષ દુકાન નંબર-૧૧૩ ખાતે આવેલ "ધ ફોટો" નામના સ્ટુડીયોના શટર્શનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, કેનન કંપનીની કેમેરાની બેગ ચોરી કરી લઇ ગઇ હતી. આ બેગમા (૧) આર.૬ માર્ક-૨ કિંમત રૂપિયા ૧,૯૭,૦૦૦/- (૨) લેન્સ ૨૪-૧૦૫ કિંમત રૂપિયા ૮૫,૦૦૦/- (૩) આર.એફ લેન્સ ૭૦-૨૦૦ કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- (૪) આર.એફ લેન્સ ૫૦ એમ.એમ કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- (૫) આર.એફ લેન્સ ૮૫ એમ.એમ કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- (૬) ગોપ્રો હીરો-૦૬ કિંમત રૂપિયા ૨૭,૦૦૦/- અને (૭) ત્રણ બેટરી, ચાર્જર કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫,૪૪,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી કરિશ્મા રાજેશસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૮૧૫/૨૦૨૫**

નારોલઃ નીલમબહેન ચંદ્રપાલ વર્મા (ઉ.વ.૨૯)(રહે.હરસીધ્ધીનગર માવતર ડેરીની ગલીમાં, નાવાડી નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૩/૧૨/૨૦૨૫ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.વી.લુવા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી